For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રવિવારે સવારથી શહેરના અનેક પોઈન્ટ પર પોલીસ અને ટ્રાફિક જવાનોએ હેલમેટ માટે વાહન ચાલકોને જાગૃત કર્યા

# આજથી નહીં હવે 1 ઓક્ટોબરથી હેલમેટ પહેર્યા વિના બહાર નીકળશો તો પોલીસ દંડ ફટકારશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

1 ઓક્ટોબરથી હેલ્મેટના કાયદાનું કડકાઈથી અમલીકરણ થવાનું છે.ત્યારે શહેરીજનો પૈકી ટુ વ્હીલર પર જતા ચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરીને વાહન ચલાવવુ પડશે. જો હેલ્મેટ પહેર્યા વિના નીકળ્યાં છે. પોલીસ દ્વારા ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરાશે.



ટુ વ્હીલર ચાલકોના અકસ્મતાના મોટી સંખ્યામાં લોકોના મોત માથાના ગંભીર ઈજાઓ થવાના કારણ થયા છે. રાજ્ય પોલીસ વડા દ્વારા પણ ઘણીવાર હેલ્મેટ ફરજીયાત કરાયા હોવાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. પરંતુ થોડા દિવસ પોલીસ પણ હેલ્મેટ નહી પહેરનાર વિરુદ્ધ કાર્યવાહી કરતી હોય છે. પરંતુ ત્યારબાદ બધુ જૈસેની સ્થિતિમાં મુકાય જાય છે. ત્યારે તાજેતરમાં વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા દિનદયાળ હોલ ખાતે પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક અવેરનેસ માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેરમાં અકસ્માતના કારણે ઘણા લોકો મોતને ભેટતા હોય પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા 15 સપ્ટેમ્બરથી હેલ્મેટના કાયદાની અમલીકરણ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામા આવી હતી. ત્યારબાદ પણ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ટુ વ્હીલર ચાલકો હેલ્મેટ વસાવી લે તથા પહેરીને વાહન ચલાવે તેના માટે 8 ઓગષ્ટ બાદ ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરવાની શરૂ કરી દેવામાં આવી હતી. અત્યાર સુધીમાં હેલ્મેટ પહેર્યા વિના નીકળ્યાં હોય તેવા ઘણા વાહનચાલકો સામે કાર્યવાહી કરાઇ છે. ત્યારે આજે 1 ઓક્ટોબરથી હેલ્મેટના કાયદાનો અમલ થવાનો છે ત્યારે કોઇ પણ બાઇક તથા મોપેડ સહિતના ટુ વ્હીલર ચાલકો હેલ્મેટ પહેર્યા વગર નીકળ્યાં છે તેમના સામે દંડનીય કાર્યવાહી કરવામા આવશે.

### વડોદરાના લોકો તરફથી હેલ્મેટ ખરીદવા સમય માંગતા અભિયાન 30 સપ્ટેમ્બર સુધી લંબાવાયું

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે નોટિફિકેશન જાહેર કર્યું છે કે અમે એક મહિના પહેલા અમારું માર્ગ સલામતી અભિયાન શરૂ કર્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ હેલ્મેટ પહેરવાનું શરૂ કર્યું છે. વડોદરાના લોકોના સમર્થન બદલ અમે ખૂબ આભારી છીએ. જોકે, હેલ્મેટ ખરીદવાની સુવિધા માટે સમય મર્યાદા વધારવા માટે અમને લોકો તરફથી વિનંતીઓ મળી છે. તેથી, અમે જાગૃતિ અભિયાનને 30 સપ્ટેમ્બર 2025 સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. અમે લોકોને માર્ગ સલામતી અભિયાનમાં જોડાવા અને સલામતી માટે ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરીએ છીએ.

વડોદરાની હદમાં 173 કેન્દ્રો પર 54 હજારથી વધુ ઉમેદવારોએ હાજરી આપી

# વડોદરામાં મહેસૂલી તલાટી વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા ઉત્સાહભેર સંપન્ન

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેર આજે રવિવારે મહેસૂલી તલાટી વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા ને કારણે પરિક્ષા માહોલમાં ફેરવાઈ ગયું હતું. રાજ્યભરમાં યોજાયેલા આ પરીક્ષામાં કુલ 2389 જગ્યા માટે હજારો ઉમેદવારો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. વડોદરાની હદમાં જ 54,310થી વધુ ઉમેદવારોએ 173 નિર્ધારિત કેન્દ્રોમાં આ પરીક્ષા આપી હતી.



પરીક્ષાનું સંચાલન સુવ્યવસ્થિત રહે તે માટે વડોદરા જિલ્લામાંથી જ 2000થી પણ વધુ શિક્ષણ-પ્રશાસન સંબંધિત કર્મચારીઓને ફરજ ઉપર ગોઠવવામાં આવ્યાં હતાં. સાથે જ, સુચારૂ આયોજનને ધ્યાને લઈ ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા મામલાંમાં પણ કડક બંધોબસ્તો શહેરભરમાં જોવા મળ્યાં હતાં.

વિવિધ જિલ્લાઓમાંથી ઉમેદવારો વડોદરા ખાતે આવી પહોંચી પરીક્ષા આપી રહ્યા હતા. કેટલાંક ઉમેદવારોએ જણાવ્યું કે પ્રશ્નપત્ર સામાન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ કરતાં થોડીક કઠિનતા ધરાવતું હતું જ્યારે કેટલાક ઉમેદવારોએ કહ્યું કે સામાન્ય જ્ઞાન, ગુજરાતીના વિભાગ અને ગણિતના પ્રશ્નો સરળ સંજોગોમાં ઉકેલી શકાતા હતા. ઘણા ઉમેદવારો માટે આવી તકો સરકારી સેવા માટેનું મહત્વપૂર્ણ પગથિયું સાબિત થવાની આશા છે.રાજ્યભરમાં યોજાતી આ પરીક્ષાનું મૉનીટરીંગ કરવા માટે લાઈવ સ્ટ્રીમિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તેમાં વડોદરાના કેન્દ્રોનો પણ સમાવેશ થતો હતો જેથી પારદર્શિતા સાથે પરીક્ષા સંચાલનની ખાતરી મેળવી શકાય.સવારે જ ઉમેદવારોએ પરિક્ષા કેન્દ્રો પાસે લાઈન લગાવી હતી. કેટલાક કેન્દ્રોમાં ઉમેદવારોએ ગરમાવો અને ગીચ ભારણના કારણે થોડી તકલીફ અનુભવી હતી, પરંતુ મોટાભાગના કેન્દ્રોમાં નિર્ધારિત સમયસર કામગીરી પૂર્ણ થતી જોવા મળી હતી.

# ટ્રકે અડેફેટે લેતાં મહિલાનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત

**હરણી** રોડ પર આવેલી અશોકા સ્કૂલ પાસે ઘટના સર્જાઇ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

શહેરમાં રવિવારે હરણી રોડ ખાતે આવેલી અશોકા સ્કૂલ પાસે પોતાના કાકાની તબિયત જોવા માટે હોસ્પિટલ ચાલતા જતી મહિલાને પૂરઝડપે આવેલ ટ્રક ચાલકે અડફેટે લેતાં ઈજાગ્રસ્ત મહિલાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સમગ્ર મામલે પરિજનોએ પોલીસને ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.



શહેરમાંહરણી રોડ ખાતે આવેલા અશોકા સ્કૂલ પાસેથી પોતાના કાકાની તબિયત ખબર અંતર પૂછવા ચાલતા જતાં મહિલા ને અડફેટે લેતાં તેઓને પગ, જાંઘ તથા પ્રાઈવેટ પાર્ટ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી જેઓનું થોડી જ વારમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા જ્યાં તેઓને ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા. મૃતક મહિલાનું નામ મીનાબેન શ્યામકુમાર પારવાની ઉ.વ.આશરે 44 વર્ષ હોવાનું તથા તેઓ મૂળ ગોધરાના વતની હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી વૈષ્ણવી કોલોનીમાં ભાડેથી રહેવા આવ્યા હતા. તેઓને સંતાનમાં બે દીકરીઓ છે.અકસ્માત બાદ ટ્રક ચાલક હોસ્પિટલ સુધી આવ્યો હતો ત્યારબાદ તે નાસી છૂટયો હોવાનું જાણવા મળ્યું છે.સમગ્ર મામલે પરિજનો દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરુરી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# NH પર જાંબુઆથી પોર તરફ જવાના માર્ગે વાહનોની ગતિ ધીમી પડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

જાંબુઆ પોર અને બામણગામ બ્રિજ પર ટ્રાફિકની સમસ્યા જટિલ બની છે. આ માર્ગ ઉપર પડેલા ખાડાઓને લઈને કલાકો સુધી ટ્રાફિકજામમાં વાહનચાલકો ફસાઈ રહ્યા છે. અને સમયસર પોતાના સ્થાન પર પહોંચી નહીં શકતા હાલાકીનો સામનો કરવા મજબુર બન્યા છે. ઘણી વખત તો ઈમર્જન્સી વાહનો પણ ટ્રાફિકમાં ફસાયા છે. તેમ છતાં તંત્ર દ્વારા સમસ્યાનું યોગ્ય નિરાકરણ કરવામાં નહીં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

લાખો કરોડો રૂપિયાના ખર્ચે નવા રોડ રસ્તા બનાવવાની બન્ડિંગો મારવામાં આવી રહી છે. પરંતુ, તંત્ર લોકો પાસેથી ટેક્સ વસુલ કર્યા બાદ પૂરતી સવલતો આપવામાં તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. શહેર નજીક નેશનલ હાઈવે પર દરરોજ ટ્રાફિકજામ થઈ રહ્યો છે. આ માર્ગ પર સંખ્યા બંધ ખાડા પડી જવાને કારણે વાહનોના પૈડાં ધીમા પડી રહ્યા છે.

પાકિસ્તાનના ઝંડા સળગાવી વિરોધ પ્રદર્શન, પાકિસ્તાન મુર્દાબાદના નારા લાગ્યા

# દુબઈમાં એશિયાકપ દરમિયાન ભારત પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચનો શિવસેના વડોદરા દ્વારા વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

આજે એશિયા કપ ક્રિકેટ મેચ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ યોજાવવાની છે બીસીસીઆઇ દ્વારા ભારતના દુશ્મન અને પહેલગામ આતંકી ઘટના બાદ ઓપરેશન સિંદુર બાદ આ રીતે ક્રિકેટ મેચ યોજી દેશની જનતાની લાગણીઓ સાથે રમત રમી રહ્યા હોવાના મામલે વડોદરા શહેર શિવસેના દ્વારા મહાત્મા ગાંધી નગર ગૃહ ખાતે પાકિસ્તાનના ઝંડા ફૂંકી પાકિસ્તાન મુર્દાબાદ ના નારા સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.



ગત તા.22 એપ્રિલ ના રોજ જમ્મુ કાશ્મીર ના પહેલગામ ખાતે કાયર આતંકવાદીઓ દ્વારા દેશના વિવિધ રાજ્યોમાંથી પરિવાર સાથે આવેલા સહેલાણી પુરુષોને નિશાન બનાવી ધર્મ પૂછીને ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા હતા જેમાં 28 લોકોના મોત નિપજ્યા હતા.જે તે સમયે દેશ દુનિયામાં આ ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી ત્યારબાદ ઓપરેશન સિંદુર સાથે ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી.સરકારે એક તરફ પાકિસસ્તાન સાથેના તમામ રાજદ્વારી, વેપારિક, આર્થિક, વાણિજ્યિક સંબંધો તોડી નાખ્યાં હતાં પરંતુ બીજી તરફ બીસીસીઆઇના હોદેદારો દ્વારા એશિયાકપપમા જે રીતે ભારત પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ રમાડવાની મંજૂરી સાથે આયોજન કરવામાં આવ્યું છે આજે મેચ થવાની છે ત્યારે વડોદરા શહેર શિવસેના દ્વારા પાકિસ્તાનના ઝંડા સળગાવી , પાકિસ્તાન મુર્દાબાદ,જય શાહ મુર્દાબાદ ના નારા સાથે ક્રિકેટ મેચ નો બોયકોટ કરવા સાથે મેચ રદ્દ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે.

# યુવકે સગાઈ કરી યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યાં બાદ લગ્નની ના પાડી દેતાં ફરિયાદ

**યુવતીએ** દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક અને તેના પિતાની ધરપકડ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં આજની છોકરીઓ તથા માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. બાપોદ વિસ્તારમાં રહેતા યુવકે સગીઇ થઇ ગયાં બાદ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. યુવકની હવસ સંતોષાઇ ગયા બાદ તેણે યુવતી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. વારંવાર સમજાવવા છતાં યુવક તથા તેના પિતા લગ્ન કરવાની ના પાડતા હોય યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે પિતા તથા પુત્રની ધરપકડ કરી છે.

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં રહેતા ચિરાગ શ્રીમાળી નામના યુવકની સગાઇ એક યુવતી સાથે થઇ હતી. જેના કારણે યુવતી તેના ઘરે અવાર નવાર આવતી હતી. ઉપરાંત યુવક અને યુવતી એકબીજા સાથે ફરવા માટે જતા હતા. દરમિયાન યુવકે યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. થોડો સમય સારુ રાખ્યા બાદ યુવકની જાણે હવસ સંતોષાઇ ગઇ હોય તેમ યુવતી સાથે બોલવા ચાલવાનું ઓછુ કરી નાખ્યું હતુ. જેથી યુવતીએ તેના પરિવારના સભ્યોને આ બાબતે જાણ કરી હતી ત્યારે યુવતીના પરિવારે યુવક તથા પિતા સહિતના લોકો સાથે આ બાબતે વાત કરવા માટે પહોંચ્યાં હતા. ત્યારે યુવકે યુવતી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. દરમિયાન યુવક યુવતી જ્યાં નોકરી કરતી હોય ગયો હતો અને તેની સાથે ઝઘડો કર્યો હતો. યુવતી તથા તેમના પરિવારે યુવક અને તેના પિતા સમજાવવા છતાં તેઓ લગ્ન કરવા માટેની ના પાડતા હોય યુવતીએ જે પી રોડ પોલીસ સ્ટેશનમાં 13 સપ્ટેમ્બરના રોજ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે યુવતી પર દુષ્કર્મ ગુજાર્યા બાદ લગ્ન કરવાની ના પાડી દેનાર ચિરાગ તથા તેના પિતા લલીત શ્રીમાળીની ધરપકડ કરી હતી. પોલીસે યુવક તથા યુવતીનું મેડિકલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

થોડા દિવસો પૂર્વે મ્યુ.કમિશનરે આજ વિસ્તારમાં રોડ કાર્પેટિંગની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું

# સુશેન સર્કલ પાસે ભુવાનું નિર્માણ અકસ્માત ટાળવા કોર્ડન કરાયો

**ભુવો** સત્વરે પૂરવામાં નહીં આવે તો આખો રોડ બેસી જવાની લોકોમાં દહેશત ફેલાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

ભુવા નગરી વડોદરા શહેરમાં ફરી ભુવા પડવાનો સિલસિલો શરૂ થયો છે. તેવામાં શહેરના તરસાલીમાં સુસેન સર્કલથી બરોડા ડેરી તરફ જવાના મુખ્ય માર્ગ પર ફરી વખત મોટો ભુવો નિર્માણ પામ્યો હતો. હાલ અકસ્માત ટાળવા માટે આ ભુવાને કોર્ડન કરવામાં આવ્યો છે. જો કે બીજી તરફ આ માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરવા મજબૂર બન્યા છે.



મહાનગર પાલિકા તંત્રની બેદરકારીને કારણે વડોદરા ખાડોદરા નગરી બનવા પામી છે. શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર મોટા મોટા ખાડા ગાબડાઓ પડી ગયા છે. જેના કારણે લોકોને હવે કમરોના દુખાવા ઉપડી રહ્યા છે. પ્રથમ વરસાદે જ પાલિકા ની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ ઉઘાડી પડવા પામી હતી. ખાડાઓ બાદ હવે ફરી શહેરમાં ભુવા પડવાનો સિલસિલો શરૂ થયો છે. ત્યારે, વડોદરા શહેરના સુસેન સર્કલથી બરોડા ડેરી તરફ જવાના મુખ્ય માર્ગ ઉપર આજે મોટો ભુવો નિર્માણ પામ્યો હતો અગાઉ પણ આ માર્ગ ઉપર ઘણી વખત ભુવાઓ પડી ગયા છે. થોડા દિવસ પહેલા જ રોડ કાર્પેટિંગની કામગીરી ચાલી રહી હતી. જેનું જાતે મ્યુનિસિપલ કમિશનરે નિરીક્ષણ કર્યું હતું. જેના ગણતરીના દિવસો બાદ જ ત્યાંથી થોડેક આગળ આજે વધુ એક ભુવો નિર્માણ પામ્યો હતો. હાલ અકસ્માત ટાળવા માટે આ ભુવાને કોર્ડન કરવામાં આવ્યો છે. જોકે મુખ્ય માર્ગ ઉપર પડેલા ભુવાના કારણે અહીંથી પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. અગાઉ પણ ભુવા મામલે વોર્ડ 17ના સ્થાનિક કોર્પોરેટરો નિલેશ રાઠોડ,શૈલેષ પાટીલ, પ્રીતિબેન ભટ્ટ, અને સંગીત બેન પટેલને સ્થાનિક લોકો દ્વારા આ મામલે રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ કોર્પોરેટરો દ્વારા અધિકારીઓને તેમજ સભામાં પણ રજૂઆત કરવામાં આવી છે. જોકે હાલ પાલિકામાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરનું રાજ હોય કોર્પોરેટરો પણ પ્રજાકીય પ્રશ્નોનું નિરાકરણ લાવવા શોભાના ગાંઠિયા સમાન બન્યા છે.

# રવિવારે સાંજે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં

(પ્રતિનિધિ) વડોદરાતા.14

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘ વિરામ બાદ રવિવારે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા.

આગામી ત્રણ દિવસ થંડરસ્ટ્રોમ ની શક્યતા છે સાથે જ પવનની ગતિ પ્રતિ કલાકે 30 થી 40 કિલોમીટર સુધી રહેવા સંભવ છે ત્યારે રવિવારે શહેરમાં ઉનાળા જેવું વાતાવરણ દિવસ દરમિયાન જોવા મળ્યું હતું જેમાં તડકા સાથે અસહ્ય ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. શહેરમાં રવિવારે મહત્તમ તાપમાનમાં 2.3 ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો હતો જેના કારણે મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું સાથે જ લઘુત્તમ તાપમાનમાં પણ 1.2 ડિગ્રી સેલ્સિયસ નો વધારો જોવા મળ્યો હતો જેના કારણે લઘુત્તમ તાપમાન 26.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

કંપની ઇન્ડિયાએ અલગ અલગ દેશમાં ટૂરના પેકેજ આપતા હોવાનું કહી નાણા ખંખેર્યા

# ટ્રાવેલ્સનો બિઝનેસ કરતી અટલાદરાની મહિલા સાથે રૂ.1.95 કરોડની છેતરપિંડી

**મહિલા** અમદાવાદ એરપોર્ટ પર ગયા ત્યારે ઠગોએ મોકલેલી ટિકિટ ખોટી હોવાનું જાણવા મળ્યું

(પ્રતિનિધિ) વડોદરાતા.14

વડોદરાઃ કલાલી વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો બિઝનેસ કરતા મહિલાને બુકિંગ અને વિયેતનામ નામનું બુકિંગ કરી આપવાના બહાને ઠગોએ રૂપિયા 1.95 કરોડ ઓનલાઇન અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. મહિલા અમદાવાદ એરપોર્ટ ખાતે ગયા ત્યારે પ્લેનની ટિકિટ બોગસ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી મહિલાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

કલાલી વિસ્તારમાં આવેલી વિસેન્ઝા હાઈડેક -2માં રહેતા કવિતાબેન જયદેવ સુરાજ (ઉં.વ.46) piccadilly journeys ના નામથી ટ્રાવેલ્સનો બિઝનેસ કરે છે.

ગત માર્ચ મહિનામાં મહિલાને એક અજાણી આઈડી પરથી મેલ આવ્યો હતો. જેમાં તેઓ STH JOURNEY SOLUTIONS PRIVATE LIMITED કંપનીથી અલગ અલગ પેકેજ આપે છે અને જેઓની ઈન્ડીયામા તથા અલગ અલગ દેશોમાં પણ તેમની ઓફીસ આવેલી છે. જેથી તેઓની સાથે ઈ-મેઈલ ઉપર વાતચીત કરી હતી. તેઓના અલગ અલગ પેકેજ ઈમેલ તથા વોટ્સએપથી કમીશન કઢાવી તેમના ગ્રાહકોને મોકલ્યા હતા.

મહિલાએ તેમની કંપની સાથે કેટલાક વ્યવહારો કરતા સમયસર પેમેન્ટ આવી ગયું હોય તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ તેઓની સાથે રૂ.7.73 લાખનું બુકિંગ કરાવ્યું હતું. ગત 5 મેના રોજના મહિલાને દુબઈના પેકેજનો એક ઈમેલ આવ્યો હતો. જેમાં 85 હજારનું પેકેજ હતું. જે ગ્રાહકે રૂપીયા ચૂકવી આપ્યા હતા. શરુઆતમાં તેઓના જૈન યુવા ગ્રુપના 30 લોકો માટેનું પેકેજ બૂક કરાવ્યુ હતું. જે પાછળથી વધારીને 64 લોકો માટે કરાવ્યું હતુ. આ ઉપરાંત તેઓએ વિયેતનામ માટેનું દિવાળીનું પેકેજ ઈમેલથી 17 જૂનના રોજ આપ્યું હતું. આમ તેઓને દુબઈ તેમજ વિયેતનામના પેકેજના રૂપીયા 90.87 લાખ બેંક મારફતે તેમજ રૂ.1.04 કરોડ આંગડીયા મારફતે તેઓને મોકલી આપ્યા હતા. દુબઈના પેકેજ માટેની ફ્લાઈટ 8 ઓગસ્ટના રોજ હતી. જેના માટે મહિલા અમદાવાદ એરપોર્ટ ખાતે ગયા હતા. સામાવાળાએ મોકલેલી પ્લેનની ટિકિટ ખોટી હોવાનુ એરપોર્ટ ઉપરથી જાણવા મળ્યું હતું અને તેમની સાથે છેતરપીંડી થઈ હોવાની જાણ થઈ હતી.

આ ઉપરાંત મહિલા પાસે 16 જૂનના રોજ 1 લાખની ફ્લાઈટ ટીકીટ કરાવી, જે તેઓએ બુક કરાવી હતી તે પણ હાલમાં ચેક કરતા કેન્સલ કરાવી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. મહિલાએ દુબઇ અને અબુધાબીનું પેકેજ રૂ.3.25 લાખમાં ખરીદ્યું હતું. જે પેકેજમાં દુબઈ જવાની ફ્લાઈટ ટિકિટ તથા હોટેલનુ બૂકિંગ કરાવી આપ્યુ હતું. પરંતુ તેઓની અબુધાબી કોઈ સુવિધા તેમજ રિટર્ન ટિકિટ પણ આપી નથી. આમ ભેજાબાજોએ દુબઈ અને વિયેતનામ નામના પેકેજ આપવાના મહિલા પાસેથી રૂપિયા 1.95 કરોડ ટ્રાન્સફર કરાવડાવી બુકિંગ નહીં કરી આપીને તેમની સાથે છેતરપિંડી આચરી હોય મહિલાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

દબાણ શાખાની ટીમ દ્વારા સવારમાં બૂલડોઝર ફેરવી સપાટો બોલાવાયો

# પાલિકાએ લાલબાગ બ્રિજ નીચે શ્રમજીવીઓના આશ્રય તોડી પાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના લાલબાગ બ્રિજ નીચે વસાહત કરેલા શ્રમજીવી કુટુંબોને તાત્કાલિક સ્થળ ખાલી કરવાની સૂચના અપાઈ છે. દબાણ શાખાની ટીમે આજે સવારે કાર્યવાહી હાથ ધરી હતી, જેના કારણે અચાનક ગભરાટનો માહોલ સર્જાયો હતો.





માહિતી મુજબ, શહેર પોલીસ સાથે સંકલન કરીને દબાણ શાખાની ટીમ લાલબાગ બ્રિજ વિસ્તારમાં પહોંચી હતી. બ્રિજ નીચે લાંબા સમયથી શ્રમજીવી પરિવારો ઝુંપડાં બનાવીને રહેતાં હતાં. આ અંગે સતત ફરિયાદો મળતા તથા ટ્રાફિક સલામતીને લઈ જોખમની શક્યતાઓ દેખાતા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યાં છે.

અચાનક કાર્યવાહી થતા મહીલા, બાળકો સહિતના શ્રમજીવીઓએ અવ્યવસ્થિત પરિસ્થિતિ વચ્ચે પોતાનું ઘરેલું સામાન ઊંચકવાનો થતી હેરાનગતિ વ્યક્ત કરી હતી. નાના બાળકો સાથે વૃદ્ધો પણ આ ગરબડમાં રસ્તા પર આવી ગયા હતાં. આ દરમ્યાન માનવતા નજરે ન આવતા, દબાણ શાખાના અધિકારીઓનું કહેવું છે કે આ વિસ્તારમાં ઝુંપડાં હોવાને કારણે માર્ગવ્યવસ્થા પર અસર થતી હતી. સાથે સાથે હંમેશાં અકસ્માત અને અગ્નિકાંડનો ભય રહેતો હોય કાર્યવાહી જરૂરી હતી. નાગરિકોનો સવાલ છે કે તાત્કાલિક હટાવાયેલી આ કુટુંબોને ક્યાં પુનઃસ્થાપિત કરાશે અને તેમના રોજગાર-જીવનની વ્યવસ્થા કોણ કરશે?

આવી અચાનક કાર્યવાહીથી અનેક લોકોનું કહેવું છે કે આ પ્રકારની પગલાં ફરજિયાત હોય તો પણ તેમને વિકલ્પ રૂપે પુનર્વસનનું સ્થાન આપવું જરૂરી છે. વગર કોઈ પૂર્વ નોટિસ શ્રમજીવીઓને હટાવી દેવાથી માનવતાના હક્કોનું હનન થયો છે.

હાલ તંત્ર માત્ર એ દલીલ કરી રહ્યું છે કે લાલબાગ બ્રિજ નીચેની ઝુંપડપટ્ટી ખાલી કરાવવી જરૂરી હતી. આગલા દિવસોમાં આવા સ્થળોએ વસાહત કરનારાઓ સામે પણ પગલાં લેવાશે એવો સંકેત તંત્ર દ્વારા આપવામાં આવ્યો છે.

બોગસ કન્સાઇન્ટમેન્ટ નોટ મેલ પર મોકલી અન્ય ટ્રાન્સપોર્ટ કંપનીઓમાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યાં

# ટ્રાન્સપોર્ટનો બિઝનેસ કરતા સંચાલકે તેમના જ એજન્ટોએ રૂ.79.45 લાખનો ચૂનો ચોપડયો

**મુંબઇની** ઓફિસનું રિનોવેશન કરાવવા ઉછીના લીધેલા રૂ. 25 લાખ પણ પરત ચૂકવ્યા નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના જેતલપુર રોડ પર આવેલી ગીતાંજલી સોસાયટીમાં રહેતા ઝર્કસીસ જહાંગીર પરબીયા (ઉં.વ.52) ટ્રાન્સપોર્ટ બિઝનેસ કરે છે. ત્યારે હિતેશ બાબુ કટારિયા કે જે મુંબઇ ખાતે પ્રોઝોન એક્સપ્રેસ તથા લોજિસ્ટિક અને સત્યમ લોજિસ્ટી સર્વિસીસ નામનથી ટ્રાન્સપોર્ટને લગતી કામગીરી કરી છે. દરમિયાન આ હિતેશ કટારિયા તેમની કંપનીને સારી એવી કામગીરી કરી આપતો હતો. ત્યારબાદ આ હિતેશ કટારિયા તથા ભાવેશ વિઠ્ઠલદાસા ભાનુશાળી ને વર્ષ 2023માં તેમની વડોદરાની ઓફિસે આવ્યાં હતા અને નોકરી પર રાખવા માટે જણાવ્યું હતું. ભાવેશ ભાનુશાળીને મુંબઇ ખાતે નોકરી પર રાખ્યો હતો ત્યારે તેની સાથે હિતેશ કટારિયાના માલનું પરીવહન માટે પ્રતિનિધિ તથા એજન્ટની તરીકે રાખ્યાં હતા. પરંતુ આ બંને જણાએ તેમની કંપનીની મંજૂર મેળવ્યાં વિના આદેશ રોડ કેરિયાર તથા મહાવીર લોજિસ્ટિક નામની ટ્રાન્સપોર્ટ પેઢી બનાવી હતી. હિતેશ કટારીયા પોતાના ગ્રાહકો સાથે વાહન ટ્રાન્સપોર્ટની રકમ નક્કી કરતા હતા. ત્યારબાદ માલ ભરવા માટે તેમનું વાહન મોકલતા હતા. જે ટ્રાન્સપોર્ટ કંપની રૂપિયા ચૂકવવા કહે તો કન્સાઇન્ટમેન્ટ નોટ હિતેશ કટારિયા મોકલતો હતો. આ ભાવેશ ભાનુશાળા તથા હિતેશ કટારીયાએ ઝર્કસીસીસ પરબીયાની કંપીના રોજબરોજના વ્યવહારોની કન્સાઇન્ટમેન્ટ માહિતી દર્શાવતી નોટ બોગસ અને બનાવટી તૈયાર કરીને તેમની કંપનીના ઈમેલથી મોકલી આપી હતી. જેના આધારે તેમની ટ્રાન્સપોર્ટ કંપની પાસેથી આદેશ રોડ કેરિયર્સ, મહાવીર લોજિસ્ટિક, ટ્રાન્સપોર્ટ પેઢી એચ કે લોજિસ્ટિક તથા અલગ અલગ ટ્રાન્સપોર્ટના ખાતમાં રૂ. 54.45 લાખ ટ્રાન્સફર કર્યાં હતા. ઉપરાંત તેમની મુંબઇ ખાતે આવેલી ઓફિસમાં રિનોવેશન અને ઈન્ટિયિર બાબતની કામગીરી કરાવવા તેમજ કેટલીક આધુનિક સુવિધાઓ કરવા માટે રૂ. 25 લાખ હાથ ઉછીને મળીને રૂ. 79.45 લાખ પડાવી લીધા હતા. તેમના કૌભાંડનો ભાંડો ફુટી જતા બંને આરોપી રૂપિયા પરત નહી આપી ટ્રાન્સપોર્ટ માલિક સાથે ઠગાઇ આચરી છે. જેથી સંચાલકે અકોટા પોલીસ સ્ટેશનમાં બંને ઠગો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.